પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૦૫ | ૫ ઓકટોબર, ૨૦૨૧, મંગળવાર; ભાદરવા વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# લખીમપુરમાં ખેડૂતોના મોત બાદ હિંસા વકરી

## પ્રિયંકા ગાંધી બાદ હવે અખિલેશ યાદવની પણ અટકાયત કરાઈ : સપાના નેતા ઘરની બહાર ધરણા પર બેઠા હતા : અસરગ્રસ્તોને લઈને રાજકારણ ગરમાયું, ગુમ થયેલા પત્રકારનો મૃતદેહ મળ્યો

લખનૌ,તા.૪

ઉત્તર પ્રદેશના લખીમપુર ખીરીમાં રવિવારે ખેડૂતોના પ્રદર્શન દરમિયાન થયેલી હિંસામાં ૮ લોકોના મોત થયા. મૃતકોમાં ૪ ખેડૂતો, ૩ ભાજપના કાર્યકરો અને એક ભાજપના નેતાનો ડ્રાઈવર સામેલ છે. આ બધા વચ્ચે લખીમપુર ખીરી મામલે ઉત્તર પ્રદેશનું રાજકારણ ગરમાઈ ગયું છે અને અલગ અલગ પાર્ટીઓના નેતા લખીમપુર ખીરી આવવાની કોશિશમાં છે. યુપી પોલીસે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીની અટકાયત કરી છે. જ્યારે કોંગ્રેસે દાવો કર્યો છે કે તેમની ધરપકડ થઈ છે. આ બાજુ આજે સવારથી જ આ મામલે મોટી રાજકીય ઉથલપાથલ જોવા મળી રહી છે. લખનૌમાં પોતાના ઘરની બહાર ધરણા પર બેઠેલા અખિલેશ યાદવની પોલીસે અટકાયત કરી છે. પોલીસે તેમને લખીમપુર ખીરી જતા રોક્યા હતા. ત્યારબાદ તેઓ ધરણા પર બેસી ગયા હતા. આ અગાઉ પોલીસે કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીની પણ સીતાપુરમાં અટકાયત કરી હતી. તેઓ લખીમપુર ખીરી જઈ રહ્યા હતા. લખનૌમાં સમાજવાદી પાર્ટીના કાર્યકરોએ ખુબ હોબાળો મચાવ્યો. ભીડે પોલીસની ગાડીમાં આગ લગાવી છે. ગૌતમપલ્લી પોલીસ સ્ટેશન બહાર ઊભેલી ગાડીને ભીડે આગને હવાલે કરી. સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવને યુપી પોલીસે લખીમપુર જતા રોક્યા છે. ત્યારબાદ સમાજવાદી પાર્ટીના કાર્યકરોએ ખુબ હોબાળો મચાવ્યો અને પોલીસ તથા કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું. અખિલેશ યાદવ તો પોતાના ઘરની બહાર જ ધરણા પર બેસી ગયા. તેમણે કહ્યું કે ખેડૂતો પર અંગ્રેજો કરતા પણ વધુ જુલ્મ થયો છે. ભાજપની સરકાર ખેડૂતો સાથે અન્યાય કરી રહી છે. ગૃહ રાજ્યમંત્રીએ રાજીનામું આપી દેવું જોઈએ. તેમણે ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્યના રાજીનામાની પણ માગણી કરી. આ ઉપરાંત તેમણે મૃતક ખેડૂતોના પરિવારનો બે કરોડની મદદ, સરકારી નોકરી અને દોષિતો પર કડક કાર્યવાહીની માગણી કરી. પ્રિયંકા ગાંધી કાલે રાતે લખનઉથી લખીમપુર ખીરી માટે રવાના થયા હતા. પ્રિયંકા ગાંધી વાડ્રાનો કાફલો પોલીસને ચકમો આપીને લખીમપુર ખીરી માટે નીકળ્યો હતો. બાદમાં પોલીસે પ્રિયંકા ગાંધીની સીતાપુરના હરગાંવથી અટકાયત કરી અને તેમને પોલીસ લાઈન લઈ જવાયા. આ સાથે જ કોંગ્રેસના નેતા દીપેન્દ્ર હુડાની પણ અટકાયત કરાઈ છે.



## કૃષિ કાયદા ઉપર સ્ટે છતાં વિરોધનો શો અર્થ : સુપ્રીમ

**ખેડૂત આંદોલન પર સુપ્રીમનું આકરૂં વલણ : જંતર-મંતર પર સત્યાગ્રહની મંજૂરી માગવામાં આવી હતી, અરજી પર સુનાવણી કરીને સુપ્રીમની લાલ આંખ**

નવી દિલ્હી , તા.૪

સુપ્રીમ કોર્ટે પૂછ્યું છે કે અમે ત્રણેય કૃષિ કાયદા પર સ્ટે મુક્યો છે, તો પછી રસ્તાઓ પર વિરોધ કેમ કરવામાં આવી રહ્યો છે. કિસાન મહાપંચાયતના વકીલે કહ્યું કે તેઓએ કોઈ રસ્તો બંધ કર્યો નથી. તેના પર બેન્ચે કહ્યું કે જો કોઈ એક પક્ષ કોર્ટમાં પહોંચે તો વિરોધ કરવાનો શું અર્થ? જસ્ટિસ એએમ ખાનવિલકરે કહ્યું કે કાયદા પર સ્ટે મૂકી દેવામાં આવ્યો છે. સરકારે ખાતરી આપી છે કે તેઓ તેનો અમલ નહીં કરે, તો પછી વિરોધ કરવાનો શું અર્થ?

કિસાન મહાપંચાયતની અરજીમાં જંતર -મંતર પર સત્યાગ્રહની માંગણી કરવામાં આવી છે. કોર્ટે કહ્યું કે તમે કાયદાની માન્યતાને પડકારી છે. અમે પહેલા તેની કાયદેસરતા અંગે નક્કી કરીશું, ત્યારે પછી તમારે પ્રદર્શન કરવાનો સવાલ જ ક્યાં છે? કોર્ટે જ્યારે પૂછ્યું કે જંતર -મંતર પર વિરોધ કરવાનું કારણ શું છે, ત્યારે વકીલે કહ્યું કે કેન્દ્રએ એક કાયદો લાગુ કર્યો છે. તેના પર બેન્ચે આકરા સ્વરમાં કહ્યું કે ’તો પછી તમે કાયદા પાસે આવો.

એક તરફ કાયદાને પડકારવો અને બીજી તરફ રસ્તા પર તેનો વિરોધ બંને કરી શકતા નથી. કાં તો કોર્ટમાં આવો અથવા સંસદમાં જાઓ અથવા રસ્તા પર ઉતરો.

સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન લખીમપુર ખીરીની ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો હતો. કોર્ટે કહ્યું કે કાયદો પોતાનો માર્ગ અપનાવશે. કોર્ટે કહ્યું કે ભલે પ્રદર્શનકારીઓ દાવો કરી રહ્યા હોય કે તેમનો વિરોધ શાંતિપૂર્ણ છે, પરંતુ તેઓ ત્યાંની હિંસા અને જાહેર સંપત્તિના નુકસાનની જવાબદારી લેશે નહીં.

## હિંસાના મૃતકોના પરિવારને ૪૫-૪૫ લાખ વળતર અપાશે

**લખીમપુર હિંસામાં કેન્દ્રીય મંત્રીના પુત્ર સામે કેસ દાખલ : ઘાયલોને ૧૦ લાખનું વળતર અપાશે : ૬ ઓક્ટોબર સુધી આરએએફ-એસએસબીની ૨-૨ કંપનીઓ તૈનાત**

નવી દિલ્હી, તા.૪

કૃષિ કાયદા અને કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્ર ટેનીની ટિપ્પણીનો વિરોધ કરી રહેલા ખેડૂતો અને મંત્રીના દીકરા વચ્ચે રવિવારે થયેલી હિંસક અથડામણમાં ૮ લોકોના મોત થયા હતા અને ઉત્તર પ્રદેશમાં ત્યારથી ભારે હોબાળો મચ્યો છે. કોંગ્રેસી નેતા પ્રિયંકા ગાંધી વાડ્રા રાજકીય ગરમાવા વચ્ચે લખીમપુર જવા માટે નીકળ્યા હતા પરંતુ સીતાપુરના હરગાંવ ખાતે પોલીસે તેમને કસ્ટડીમાં પૂર્યા હતા. તે સિવાય લખનૌમાં ધરણા પર બેઠેલા અખિલેશ યાદવને પણ કસ્ટડીમાં પૂરવામાં આવ્યા છે. આ તરફ કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય મિશ્ર ટેનીના દીકરા આશીષ મિશ્ર વિરૂદ્ધ હત્યાનો કેસ દાખલ કરવામાં આવ્યો છે.

યુપીના લખીમપુર ખેરી ખાતે બનેલી ઘટનાની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને પ્રશાસને ૬ ઓક્ટોબર સુધી આરએએફ અને એસએસબીની ૨-૨ કંપનીઓ તૈનાત કરી છે. વહેલી સવારથી ખેડૂતો અને પ્રશાસન વચ્ચે વાર્તાલાપ ચાલી રહ્યો હતો અને આખરે બંને પક્ષ વચ્ચે સુલેહ થઈ ગઈ છે. પ્રશાસને ખેડૂતોની માગણીનો સ્વીકાર કર્યો છે અને મૃતક ખેડૂતોના પરિવારજનોને ૪૫-૪૫ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. તે સિવાય ઘાયલ ખેડૂતોને ૧૦ લાખ રૂપિયા આપવાની ઘોષણા કરવામાં આવી છે અને નવી કમિટીની રચના કરવામાં આવશે જે નિવૃત્ત જજની અધ્યક્ષતામાં કેસની તપાસ કરશે. એડીજી પ્રશાંત કુમારના કહેવા પ્રમાણે દોષિતો વિરૂદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે અને તપાસ ચાલુ છે.

## ૪ વર્ષથી ડ્રગ્સનું સેવન કરતો હોવાની આર્યનની કબૂલાત

નવી દિલ્હી, તા.૪

શાહરૂખ ખાનના દીકરા આર્યન ખાનને લઈ એક ખૂબ જ મોટા સમાચાર સામે આવ્યા છે. એનસીબીની પુછપરછ દરમિયાન આર્યન ખાને સ્વીકાર્યું છે કે, તે આશરે ૪ વર્ષથી ડ્રગ્સનું સેવન કરી રહ્યો છે. ઈન્ટેરોગેશન દરમિયાન આર્યન ખાન સતત રડી પણ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, મુંબઈથી ગોવા જઈ રહેલા ક્રૂઝમાંથી મળેલા ડ્રગ્સના કેસમાં અભિનેતા શાહરૂખ ખાનના દીકરા આર્યન ખાનની રવિવારે ધરપકડ કરવામાં આવી હતી.

આર્યન ખાનની ડ્રગ્સ કેસમાં સતત પુછપરછ કરવામાં આવી રહી છે અને પુછપરછ દરમિયાન આર્યન માટે પોતાના આંસુઓ પર કાબુ રાખવો અઘરો થઈ ગયો છે અને તે સતત રડી રહ્યો છે. આ દરમિયાન આર્યને સ્વીકાર્યું હતું કે, તે આશરે ૪ વર્ષથી ડ્રગ્સનું સેવન કરી રહ્યો છે.

કોર્ટે રવિવારે આ ત્રણેય આરોપીઓને એક દિવસની એનસીબીની કસ્ટડીમાં મોકલ્યા હતા. એનસીબીએ આ કેસમાં વધુ એક શકમંદને કસ્ટડીમાં લીધો છે જેની આજે ધરપકડ કરવામાં આવી શકે છે. એનસીબી તેને કોર્ટમાં પણ રજૂ કરી શકે છે.

બોલિવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાને વરિષ્ઠ વકીલ સતીશ માનશિંદેની પોતાના દીકરા આર્યન ખાનનું પ્રતિનિધિત્વ કરવા માટે પસંદગી કરી છે. હાઈપ્રોફાઈલ વકીલ સતીશ માનશિંદે નારકોટિક્સ કંટ્રોલ બ્યુરો દ્વારા લગાવવામાં આવેલા આરોપો વિરૂદ્ધ શાહરૂખના દીકરાનો બચાવ કરશે. સતીશ માનશિંદે અનેક ટોપ બોલિવુડ સેલેબ્સના વકીલ રહી ચુક્યા છે.

## આર્યન ખાન સાતમી સુધી એનસીબીની કસ્ટડીમાં

**આર્યનના ફોનમાં આંતરરાષ્ટ્રીય માદક પદાર્થોની તસવીર તરફ ઈશારો કરતા પિક્ચર ચેટ લિંકનો પણ ઉલ્લેખ છે**

મુંબઈ, તા.૪

ડ્રગ્સ કેસમાં બોલીવૂડ સુપર સ્ટાર શાહરૂખ ખાનનો પુત્ર આર્યન ખાન ગુરૂવાર સુધી નાર્કોટિક્સ એજન્સીની કસ્ટડીમાં રહેશે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ (એનસીબી) શાહરુખ ખાનના દીકરા આર્યન ખાનની રવિવારે ધરપકડ કરી છે. એનસીબીએ



ક્રૂઝ શિપ પર રેડ કરતા પાર્ટીમાંથી ગેરકાયદે ડ્રગ્સ જપ્ત કરાયું હતું અને ઘણાં લોકોની અટકાયત કરીને પૂછપરછ હાથ ધરાઈ હતી.

રવિવારે એનસીબીએ આર્યન ખાન સહિત ૩ લોકોની ધરપકડ કરી હતી. જેમાં શાહરુખ ખાનનો દીકરો આર્યન ખાન સિવાય અરબાઝ મર્ચન્ટ અને મૉડેલ મુનમુન ધામેચા સામેલ છે. રિપોર્ટ મુજબ, આર્યન ખાનની ડ્રગ્સ કંઝમ્પશન મામલે ધરપકડ કરવામાં આવી છે. એનસીબીએ એનડીપીએસ સેક્શન ૨૭ હેઠળ ધરપકડ કરી હતી.

નારકોટિક્સ કંટ્રોલ બ્યુરોએ શનિવારે મુંબઈમાં ચાલી રહેલી એક હાઈ પ્રોફાઈલ રેવ પાર્ટી પર રેડ કરી હતી, જે બાદ ૮ લોકોની ધરપકડ કરી લેવાઈ હતી. રવિવારે સાંજ સુધી આ તમામની પૂછપરછ કરવામાં આવી જે બાદ તમામ આરોપીઓની ધરપકડ કરી લેવાઈ છે, જેમાં શાહરૂખ ખાનનો દીકરા આર્યન ખાન પણ સામેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## શાહરૂખના ઘર મન્નત પર પણ એનસીબી સર્ચ કરે તેવી વકી

**ધરપકડ બાદ આરોપીના ઘરે હાઉસ સર્ચની જોગવાઈ : હાલ આ કેસમાં અનેકનીની ધરપકડ થાય તેવી શક્યતા છે, રવિવારે આર્યને એનસીબીની મેસનું ભોજન જ લીધું**

નવી દિલ્હી, તા.૪

એનસીબી દ્વારા દિલ્હીમાં તાબડતોબ દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ સાથે જ મુંબઈમાં ધરપકડ કરવામાં આવી તે આરોપીઓના ઘરે સર્ચ ઓપરેશન ચાલુ છે. એનસીબીના સૂત્રો દ્વારા મળતા અહેવાલ પ્રમાણે ધરપકડની પ્રક્રિયા બાદ એનડીપીએસ કાયદામાં દરેક આરોપીના ઘરે હાઉસ સર્ચની જોગવાઈ પણ છે. તેવામાં સવાલ એ થઈ રહ્યો છે કે, શું સુપરસ્ટાર શાહરૂખ ખાનના મુંબઈ સ્થિત મન્નત બંગલોમાં પણ એનસીબી સર્ચ ઓપરેશન થશે?

ધરપકડ કરવામાં આવી તે આઠેય આરોપીઓ અલગ અલગ ગ્રુપમાં શિપ પર પહોંચ્યા હતા માટે ડ્રગ્સનું સેવન કરી રહેલા તેમના બાકીના સાથીદારો દરોડાની સૂચના મળ્યા બાદ ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા છે. હાલ આ કેસમાં અન્ય દરોડા પાડવામાં આવી રહ્યા છે અને ઘણાંની ધરપકડ થાય તેવી શક્યતા છે. એનસીબીને શાહરૂખ ખાનના દીકરા આર્યનનો સૌથી ખાસ મિત્ર અરબાજ મર્ચન્ટ ડ્રગ્સ ક્યાંથી લાવતો હતો તેની જાણકારી મળી ગઈ છે. એનસીબીએ ક્રૂઝ પરના ૮ લોકોને કસ્ટડીમાં લીધા છે અને રવિવારે આર્યને એનસીબીની મેસનું ભોજન જ લીધું હતું. તેને બહારનું કશું પણ ભોજન ઉપલબ્ધ નહોતું કરાવાયું.

ધરપકડ કરવામાં આવ્યા તે આરોપીઓમાં દિલ્હીની બેસ્ટ મોડલ મુનમુન ધમેચા જે મોટી બ્રાન્ડ્સ માટે મોડેલિંગ કરે છે તે પણ સામેલ છે અને તે ચરસનું સેવન કરી રહી હતી. તે સિવાય ઈશ્મિત ચઢ્ઢા દિલ્હીનો એક મોટો બિઝનેસમેન છે અને મોહક જાયસવાલનો પણ દિલ્હીમાં મોટો કારોબાર છે. ગોમીત ચોપડા એક પ્રખ્યાત હેર સ્ટાઈલિસ્ટ છે અને દિલ્હીના યોજના વિહારનો રહેવાસી છે.

## મેડિસિનનો નોબેલ સંયુક્તપણે ડેવિન-આર્ડેમ પટાપૌટિયનને

**ફિઝિયોલોજી કે મેડિસિન ક્ષેત્રે નોબેલની જાહેરાત : તાપમાન અને સ્પર્શ માટે રિસેપ્ટર્સની શોધ માટે અમેરિકાના વૈજ્ઞાનિકોને આ પુરસ્કાર આપવામાં આવ્યો**

નવી દિલ્હી , તા.૪

ફિઝિયોલોજી કે મેડિસિન ક્ષેત્રમાં અપાતા નોબેલ પુરસ્કારની જાહેરાત કરી દેવામાં આવી છે. આ




વખતે અમેરિકાના વૈજ્ઞાનિક ડેવિન જૂલિયસ અને આર્ડેમ પટાપૌટિયનને સંયુક્ત રૂપથી આ પુરસ્કાર આપવામાં આવ્યો છે. તેમને આ પુરસ્કાર તાપમાન અને સ્પર્શ માટે રિસેપ્ટર્સની શોધ માટે આપવામાં આવ્યો છે. નોબેલ પ્રાઈઝની જાહેરાત સોમવારે નોબેલ કમિટીના મહાસચિવ થોમસ પર્લમૈને કરી છે. નોબેલ સમિતિએ જણાવ્યુ કે કઈ રીતે ડેવિડ અને આર્ડમે આ શોધ કરી જેના માટે તેમને સન્માનિત કરવામાં આવે છે. આપણી ત્વચા પર રહેલ નસો પર તાપમાન કે દબાવની અલગ-અલગ અસર થાય છે. આ વૈજ્ઞાનિકોની સામે હંમેશા એક રહસ્ય બનેલું હતું કે આખરે તાપમાન, ગરમ કે ઠંડક કે સ્પર્શને કઈ રીતે ડિટેક્ટ કરવામાં આવે છે અને નર્વ ઈમ્પલ્સમાં બદલીને નર્વસ સિસ્ટમના તે ભાગ સુધી પહોંચાડવામાં આવે છે જ્યાં તેનો મતલબ આપણા શરીરને સમજમાં આવે છે? નવી શોધે આ સવાલનો પણ જવાબ આપ્યો છે.

પાછલા વર્ષે મેડિસિનનો નોબેલ પુરસ્કાર સંયુક્ત રૂપથી ત્રણ વૈજ્ઞાનિક હાર્વે જે આલ્ટર, માઈકલ હ્યૂટન અને ચાર્લ્સ એમ રાઈસને મળ્યું હતું, જેમણે લિવરને નુકસાન પહોંચાડનાર હેપેટાઈટિસ સી વાયરસની શોધ કરી હતી. આ શોધથી ઘાતક બીમારીની સારવાર શોધવામાં મદદ મળી હતી.


નોબેલ એસેમ્બલીના સભ્ય અને ફિઝિયોલોજી પ્રોફેસર જૂલિન ઝીરથે કહ્યુ- અલ્ફ્રેડ નોબેલે જ્યારે ફિઝિયોલોજી કે મેડિસિનને નોબેલ પ્રાઈઝના લિસ્ટમાં સામેલ કર્યું હતું, ત્યારે તે પોતાની ઈચ્છાને લઈને સ્પષ્ટ હતા. તેમણે વિશેષ રૂપથી કહ્યું હતું કે તે એક એવી શોધની પ્રતિક્ષામાં છે, જેનાથી માનવ જાતિને લાભ થયો હોય.

નોબેલ પ્રાઈઝ જીતનારને એક ગોલ્ડ મેડલ અને ૧૦ મિલિયન સ્વીડિશ ક્રોનોર (૧.૧૪ મિલિયન ડોલર) પુરસ્કાર રકમ મળે છે. આ પુરસ્કાર રાશિ અલ્ફ્રેડ નોબેલની વસીયતથી આવે છે. જેમનું નિધન ૧૮૯૫માં થયું હતું.

**મારૂતિ સોફા**
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ | ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

**ફ્લેટ વેચવાનો છે**
સે.૧૪, બ્લોક નં. ૧૭/૧૯૪, MIG, 1BHK, ગ્રાઉન્ડ ફ્લોર, રીનોવેશન કરેલ, ગેસ લાઈન સાથે.
૩૨ લાખ ફીક્સ
શૈલેષભાઈ મહેતા
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

## સાતમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જાદવભાઈ ઉકાભાઈ સોલંકી (ભોજવીયા)**

જન્મ તારીખ : ૨૨-૨-૧૯૩૮ | સ્વર્ગવાસ તારીખ : ૦૫-૧૦-૨૦૧૪

જીવન એવું જીવી ગયા કે ભૂલશું નહી, વિદાય એવી લીધી કે અમે વિસરશું નહી. છોડી અમારા સૌનો સાથ, જઈ વસ્યા પ્રભુને પાસ, આપની અણધારી થઈ વિદાય, યાદ અમારા દિલમાં રહેશે સદાય. પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એ જ પ્રાર્થના

લિ.

અમે સર્વે આપના હંમેશા ઋણી રહીશું

**સ્વ. કુસુમબેન જાદવભાઈ સોલંકી**

જગદીશચંદ્ર જાદવભાઈ સોલંકી — શોભના જગદીશચંદ્ર સોલંકી
જયશ્રીબેન પુનારામ દેવાંગન
રિશી પુનારામ દેવાંગન (દોહિત્ર) — જાનકી રિશી દેવાંગન
રાજેશ જાદવભાઈ સોલંકી — દિપીકા રાજેશ સોલંકી
ગીતા મહેન્દ્રકુમાર ભારવા — મહેન્દ્રકુમાર રોશનલાલ ભારવા
હરેશ જાદવભાઈ સોલંકી — સુનિતા હરેશ સોલંકી
પરેશ જાદવભાઈ આચાર્ય — પ્રતિમા પરેશ આચાર્ય
દુષ્યંત જગદીશચંદ્ર આચાર્ય — જીંદગી દુષ્યંત આચાર્ય
પાર્થ જગદીશચંદ્ર આચાર્ય — નેહા પાર્થ આચાર્ય

નિશિ ● ધ્રુવા ● ખુશી (દોહિત્રી) ● જૈનમ ● પ્રિયાંશી ● ક્રિશિવ ● ધ્રુવ (પ્રપૌત્ર) ● શાન્વી (પ્રપૌત્રી)